# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો બે હજાર 442 મતથી વિજય
2) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે**
3) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ચિંતન શિબિરમાં ઉચ્ચ સરકારી અધિકારીઓને અસરકારક ભૂમિકા નિભાવવા ટકોર કરી
4) છેલ્લાં બે વર્ષમાં પાટણની પ્રસિધ્ધ રાણીની વાવની પાંચ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી
5) રાજ્યનાં મોટાં ભાગનાં શહેરોનાં લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડોઃ નલિયામાં 12.2 ડિગ્રી તાપમાન નોંધાયું
6) રાજકોટમાં આજથી રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધાનો પ્રારંભ થશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# BJP victory celebration

વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો બે હજાર 442 મતથી વિજય થયો છે. સ્વરૂપજી ઠાકોરને 92 હજાર 176 અને કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને 89 હજાર 734 અને ભાજપના બળવાખોર અપક્ષ ઉમેદવાર માવજી પટેલને 27 હજાર 195 મત મળ્યા હતા.

ગઈ કાલે પાલનપુરની જગાણા સ્થિત સરકારી ઇજનેર કોલેજ ખાતે મતગણતરી હાથ ધરાઇ હતી, જેમાં 20 રાઉન્ડ સુધી આગળ રહેલા કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને પછાડીને છેલ્લા ત્રણ રાઉન્ડમાં લીડ કાપીને ભાજપના સ્વરૂપજી ઠાકોરે જીત મેળવી હતી. આ સાથે વાવ વિધાનસભા બેઠક ભાજપે કોંગ્રેસ પાસેથી આંચકી લીધી છે. ગુજરાત વિધાનસભામાં ભાજપનું સંખ્યાબળ વધીને 162 થયું છે. રાજ્યમાં અનેક સ્થળોએ વાવ વિધાનસભા બેઠક અને મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીની પ્રચંડ જીતની ઉજવણી કરવામાં આવી હતી. પાટણ ખાતે બગવાડા દરવાજા ચોકમાં ગઈ કાલે સાંજે ભારતીય જનતા પાર્ટી દ્વારા આતશબાજીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ ડો. દશરથજી ઠાકોરના નેતૃત્વમાં આયોજિત આ આતશબાજી કાર્યક્રમમાં પક્ષનાં હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ભાવનગરમાં પણ ગઈ કાલે સાંજે શહેર ભાજપ અધ્યક્ષ અભયસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં શહેર ભાજપ સંગઠન દ્વારા ઘોઘાગેટ ખાતે ફટાકડા ફોડીને તેમજ એકબીજાના મોં મીઠા કરાવીને વિજયને વધાવી લેવામાં આવ્યો હતો. દીવ ભાજપ કાર્યાલય ખાતે પણ ભાજપના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ફટાકડા ફોડી ને વિજય ની ઉજવણી કરી હતી.

---

- -પીટીસી પાટણ અને ભાવનગર, દીવ અનિલ પટેલ NAVIN

# PM MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

-----------------------------------------------------------------------

- રીપીટ

# CM CHINTAN SHIBIR

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના વહીવટીતંત્રનાં તમામ ઉચ્ચ અધિકારીઓને ટકોર કરી હતી કે સરકારી તંત્રએ એવી ભૂમિકા ભજવવી જોઇએ કે ખોટું કરનારના મનમાં તંત્રની બીક રહે.

ગઈ કાલે સોમનાથમાં ચિંતન શિબિરના સમાપનમાં મુખ્યમંત્રીએ તાજેતરમાં બનેલા બનાવોને ધ્યાનમાં લઇને અધિકારીઓને જણાવ્યું હતું કે, સમાજમાં અનેક પ્રકારની ઘટનાઓ બનતી હોય છે ત્યારે કોઈ પણ ઘટના બની ગયા પછી તેને તાત્કાલિક સુધારવાનો અને ભવિષ્યમાં એવી કોઈ ભૂલ ન થાય તેવો અભિગમ કેળવવો જોઇએ.

દરમિયાન રાજ્ય સરકારે ટેકનોલોજીના વ્યાપક ઉપયોગથી વહીવટી સુધારણા અને જનહિતકારી યોજનાઓના અમલમાં વધુ ગતિ લાવવા AI ટાસ્ક ફોર્સ- કૃત્રિમ બુધ્ધિમત્તા આધારિત કાર્યદળની રચના કરવાનો નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રીએ ગઈકાલે તીર્થધામ સોમનાથ ખાતે ચિંતન શિબિરના કાયમી લોગોનું ડિજિટલ અનાવરણ પણ કર્યું હતું. તેમણે સરકારના અધિકારીઓને જન ફરિયાદ નિવારણના ક્ષેત્રમાં AIનો ઉપયોગ સઘન બનાવવા અનુરોધ કર્યો હતો.

આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં રોજગારીની તકો ઊભી કરવી, ગ્રામીણ વિસ્તારોની આવકમાં વધારો કરવા સહિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સર્વગ્રાહી ચિંતન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સારા વહીવટ માટે કરાયેલી ભલામણોને જિલ્લા સ્તરે ઝડપથી અમલમાં મુકવાનો મુખ્યમંત્રીએ નિર્દેશ આપ્યો હતો.

---

- મા.ખુ રીપીટ, અનિલ

NAVIN

# ANGANWADI WORKER VYARA

નાના ભુલકાંઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે સરકારે રાજ્યભરમાં આંગણવાડી કેન્દ્રોની શરૂઆત કરી છે, જેમાં બાળકોને પૌષ્ટિક આહારની સાથે શિક્ષણનું પાયાનું જ્ઞાન આપવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા ડ્રોપ આઉટ રેશિયો ઘટે તેના ભાગરૂપે બાળકો માટે શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિ કરાવવામાં આવી રહી છે. સ્માર્ટ આંગણવાડી પણ તેનો જ એક ભાગ છે, વ્યારાની આંગણવાડીની સુવિધા અંગે આંગણવાડી કાર્યકર રેણુબેન ગામીતે આ મુજબ જણાવ્યું

(Byte Renuben Gamit)

-----------------------------------------------------------------------

- PTC TAPI, ANIL PATEL, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# RANI NI VAAV- PRAVASI

છેલ્લા બે વર્ષમાં પાટણમાં આવેલી વર્લ્ડ હેરિટેજ સાઈટ- રાણીની વાવની પાંચ લાખથી વધુ ભારતીયો અને ચાર હજારથી વધુ વિદેશી સહેલાણીઓએ મુલાકાત લીધી હતી.

પાટણમાં આવેલી રાણીની વાવને વર્ષ 2014માં વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મળ્યું હતું. 19થી 25 નવેમ્બર દરમિયાન વર્લ્ડ હેરિટેજ સપ્તાહની ઉજવણી ચાલી રહી છે, ત્યારે રાણીની વાવ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ અને કેન્દ્ર સરકાર દ્વારા ચલણી નોટ 100 રૂપિયા પર રાણીની વાવના ચિત્રને અંકિત કરવામાં આવ્યું છે. જેના પરિણામે સમગ્ર વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં દેશ અને વિદેશના પ્રવાસીઓ અદભુત વાવને નિહાળવા ઉમટી પડે છે. રાણીની વાવની અદભુત કળા અને કોતરણીથી પ્રવાસીઓ ખૂબ જ અભિભૂત થાય છે. વર્ષ 2016માં રાણીની વાવને આઇકોનિક ક્લીન પ્લેસ તરીકે પસંદગી થતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એવોર્ડ એનાયત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રાણીની વાવ પાટણ શહેરથી બે કિલોમીટરના અંતરે સરસ્વતી નદીના તટ પર આવેલી છે. સોલંકી વંશના પ્રતાપી શાસક ભીમદેવ પ્રથમની પત્ની રાણી ઉદયમતીએ તેમના પતિની યાદમાં આ વાવનું નિર્માણ કરાવ્યું હતુ.

. . . . . . . . . . . . .

મા.ખાતું (અમદાવાદ)-અજય સર-યશ્વી

# WEATHER

ઉત્તર ભારતમાં પડી રહેલાં સુકા ઠંડા પવનોને કારણે સમગ્ર રાજ્યમાં મોડી રાતથી પરોઢ સુધી ભારે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. શનિવારે મોસમમાં પ્રથમ વાર નલિયામાં 12.2 ડિગ્રી સેલ્સિયલ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

રાજ્યનાં મોટાં ભાગનાં શહેરોનાં લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો. છેલ્લાં 24 કલાકમાં ડિસામાં 14.1, કંડલામાં 12.2, પોરબંદરમાં 14.5, ભાવનગરમાં 16.9, કેશોદ અને સુરેન્દ્રનગરમાં 16 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદ અને ગાંધીનગરમાં 16 ડિગ્રી તાપમાન રહ્યું હતું.

જો કે બપોરે તાપમાનનો પારો 30 ડિગ્રીથી ઉપર રહેતો હોવાથી દિવસે ગરમી અનુભવાઈ રહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી 24 કલાકમાં અમદાવાદમાં લઘુતમ તાપમાન 15 ડિગ્રીથી નીચે જવાની શક્યતા છે.

---

- ડેસ્ક અનિલ

NAVIN

# RAJKOT SWIMMING COMP

રાજકોટના સરદાર પટેલ સ્નાનાગર ખાતે આજથી રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધાનો પ્રારંભ થશે. જેમાં 3500 જેટલા સ્પર્ધકો ભાગ લેશે.

રાજકોટ ખાતે સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને સ્વિમિંગ એસોસિએશન દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની અખિલ ભારતીય શાળાકીય સ્વીમીંગ સ્પર્ધામાં 14, 17 અને 19 વર્ષથી ઓછી વયની કેટેગરીમાં શાળા, કોલેજના વિદ્યાર્થીઓ સ્વિમિંગ તેમજ ડાઈવીંગની સ્પર્ધામાં ભાગ લેશે.

રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધામાં જુદી-જુદી 17 ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશભરમાંથી 45 યુનિટના 3500 જેટલા સ્પર્ધકોનું રાજકોટ ખાતે આવી પહોંચ્યા છે.

---

- રીપીટ

# NEW COLLEGE - DANG

ગુજરાત સરકારે આદિજાતિ વિસ્તારો તેમજ બિન આદિજાતિ વિસ્તારોમાં કુલ નવી ૪ કોલેજોને મંજૂરી આપી છે, જેમાં બનાસકાંઠા, તાપી, દાહોદ, ડાંગ , કચ્છ, આણંદ,અમરેલીનો સમાવેશ થાય છે.

ડાંગના સુબીર ખાતે  રાજય સરકારના શિક્ષણ વિભાગે વધુ એક વિનિયન કોલેજ મંજૂરી આપતાં વિધાનસભામાં નાયબ મુખ્ય દંડક તેમજ ધારાસભ્ય વિજય પટેલે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ કોલેજ શરૂ થતા ડાંગ જિલ્લાના છેવાડાના વિદ્યાર્થીઓને હવે શિક્ષણ માટે દૂર નહિ જવું પડે.

---

- -પીટીસી- ડાંગ- સરફરાઝ નાગોરી
NAVIN

# A'VAD I KHEDUT PORTAL

અમદાવાદ જિલ્લાના બાગાયતદાર ખેડૂતો માટે આઇ ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જેમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતા દ્વારા વિવિધ સહાયો માટે અરજી કરવા સહાય ઘટકોમાં યોજનાઓના લાભ મેળવવા માટે આગામી 20 મી ડિસેમ્બર સુધી i khedut portal (www.ikhedut.gujarat.gov.in) પરથી ઓનલાઇન અરજી કરવાની રહેશે. જે બાગાયતદાર ખેડૂતો આ યોજનાઓનો લાભ લેવા માંગતા હોય તેઓ પોતાના ગામના ઈ-ગ્રામ સેન્ટર કે કોઈ ખાનગી ઇન્ટરનેટના માધ્યમ દ્વારા ઓનલાઈન અરજી કરી શકે છે.

. . . . . . . . . . . . .

મા.ખાતું-મિત્તલ પટેલ-યશ્વી